# GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

(Gujarat Vepari Mahamandal)
Shri Ambica Mills-Gujarat Chamber Bldg., P.B.No.4045,
Ashram Road, Ahmedabad-380009
Fax No.: 079-26587992/Tele. No.: 079-26582301/2/3/4
Email: gcci@gujaratchamber.org Website: www.gujaratchamber.org

# Press Note

18680

3rd March, 2021

Today Hon'ble Finance Minister of the Gujarat State, Shri Nitinbhai Patel presented the State Budget for the year 2021-22. The size of the budget for year is Rs. 2.27 lakh crore as against Rs 2.17 lakh crore last year.

Gujarat Chamber of Commerce and Industry President Shri Natubhai Patel and other Office Bearers appreciated the budget and stated as below,

1. The size of present year's budget has been increased compared to last year. The total surplus has also been reduced compared to last year which indicates an increase in total government expenditure which is a welcome indication.
2. The allocation for the thrust sector as well as for the new industrial policy has been increased to Rs. 1500 crore which is a welcome step.
3. The budget has announced that over the next five years, 20 lakh jobs will be created for the youth in various sectors such as manufacturing, pharma, energy, engineering, infrastructure, IT, tourism, hospitality, food processing, banking, service sector. This is a very important step in the right direction.
4. To develop the cities having municipalities as smart cities, Rs. 700 crore is allotted as compared last year i.e., Rs. 597 crore. The major cities of Gujarat will get the benefit of this allotment.
5. The budget has also allocated for the development of roads i.e Rs. 11,185 crore in present year more than last year's Rs. 10,200 crore which will further develop the infrastructure of the state.
6. There was confusion about the training of fire safety officers when the new rules of fire safety were announced. In this budget, Rs. 20 crore has been provided for the training which is commendable.
7. To develop necessary equipments for imparting vocational and quality practical training to the trainees at Government Industrial Training Institutes, Rs. 40 crore has been provided which will help in skill development and benefit the industries in the long run.

8. The budget focuses on developing the Service sector which is a good thing. The decision of the state government to build the country's first service sector university is very welcome.
9. For expansion of Chemical Port at Dahej the provision of Rs 1,200 crore will give a boost to the chemical sector in the state. We welcome the allocation of Rs. 4800 crore for developing Nagarol and Bhavnagar port and the allocation of Rs 192 crore set up a new jetty at Navalkhi Port. In addition, the decision to develop Dahej, Saykha, Ankleshwar, Halol, Sanand, Vapi and Lodhika as model estates will also benefit the chemical industry.
10. It has been announced in the budget that two mega textile parks are planned to be set up in Gujarat under the scheme of Government of India. Establishing this textile park in the state will accelerate the growth of the textile industry. Similarly, the decision to set up a Bulk Drug Park at Jambusar and a Medical Devices Park at Rajkot will give a boost to the fast-growing bulk drugs and medical devices industry in Gujarat.
11. The announcement that new GIDCs will be set up at Jalotra in Banaskantha, Sheikhpat in Jamnagar, Kadjodra in Gandhinagar, Pipavav in Amreli and Nagalpar in Rajkot as well as in Patan, Anand, Mahisagar and Morbi districts is commendable. The speedy implementation of this decision will be very important.
12. Subsidy of Rs. 40,000 for e-rickshaw will encourage using electronic vehicles and also promote EV ecosystem in Gujarat which will reduce vehicular pollution

---

To,

The Editor/ Chief Reporter/ Commercial Editor/ Bureau Chief/ News Editor with a request to kindly incorporate the above Press Note in your esteemed News Paper.

**Yogendra Kumar Trivedi**
**Secretary General**

# GUJARAT CHAMBER OF COMMERCE & INDUSTRY

(Gujarat Vepari Mahamandal)

Shri Ambica Mills-Gujarat Chamber Bldg., P.B.No.4045,

Ashram Road, Ahmedabad-380009

Fax No.: 079-26587992/Tele. No.: 079-26582301/2/3/4

Email: gcci@gujaratchamber.org Website: www.gujaratchamber.org


# Press Note

18680

3 માર્ચ, 2021

આજ રોજ ગુજરાત રાજ્યના માનનીય નાણામંત્રીશ્રી નીતિનભાઈ પટેલ દ્વારા વર્ષ 2021-22 માટેનું ગુજરાત રાજ્યનું બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. આ વર્ષે બજેટનું કદ રૂ. 2.27 લાખ કરોડ નક્કી કરવામાં આવ્યું છે, જયારે ગત વર્ષે 2.17 લખ કરોડનું બજેટ રજુ થયું હતું.

આ બજેટ અંગે ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી નટુભાઈ પટેલ અને અન્ય હોદ્દેદારોએ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે,

1. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષના બજેટના કદમાં વધારો કરવામાં આવ્યો છે. કુલ પુરાંતમાં પણ ગત વર્ષ કરતા ઘટાડો કરવામાં આવેલ છે જે સૂચવે છે કે સરકારના કુલ ખર્ચમાં વધારો થયો છે જે આવકારદાયક છે.

2. થ્રસ્ટ સેક્ટર માટેના તેમજ નવી ઔદ્યોગિક નીતિ માટેની ફાળવણી વધારીને રૂ. 1500 કરોડ કરવામાં આવી છે જે આવકારદાયક છે.

3. બજેટમાં આગામી પાંચ વર્ષમાં મેનુફેક્ચરિંગ, ફાર્મા, એનર્જી, એન્જીનીયરીંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, આઈ.ટી, પ્રવાસન, હોસ્પિટાલિટી, ફૂડ પ્રોસેસિંગ, બેન્કિંગ, સર્વિસ સેક્ટર જેવા વિવિધ ક્ષેત્રોમાં યુવાનો માટે 20 લાખ રોજગારીની તકો ઉભી કરવામાં આવશે તેવી જાહેરાત કરવામાં આવી છે જે હાલના સમય ને અનુરૂપ ખુબજ મહત્વનું પગલું છે.

4.નગરપાલિકા વિસ્તારના શહેરોને સ્માર્ટ સિટી તરીકે વિકસાવવા માટે રૂ. 700 કરોડ ફાળવવામાં આવ્યા છે જે ગત વર્ષે ફાળવેલ રૂ 597 કરોડ કરતા વધુ છે. આ ફાળવણીનો લાભ ગુજરાતના મુખ્ય શહેરોને મળશે.

5. બજેટમાં રોડ - રસ્તાઓના વિકાસ માટે પણ ફાળવણી ગત વર્ષના રૂ. 10,200 કરોડ થી વધારીને રૂ. 11,185 કરવામાં આવી છે જે રાજ્યના માળખાકીય સુવિધાઓના વિકાસને વેગ આપશે ..

6. ફાયર સેફટી અંગેના નવા નિયમો જાહેર કરવામાં આવ્યા ત્યારે ફાયર સેફટી ઓફિસરોની તાલીમ અંગે મૂંઝવણ હતી. આ બજેટમાં તેમની તાલીમ માટે રૂ . 20 કરોડની જોગવાઈ કરવામાં આવી છે, જે સરાહનીય છે.

7. સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે તાલીમાર્થીઓને વ્યવસાયલક્ષી અને ગુણવત્તાયુક્ત પ્રાયોગિક તાલીમ આપવા જરૂરી સાધનો વિકસાવવા રૂ. 40 કરોડની જોગવાઈ કરવામાં આવી છે જેનાથી કૌશલ્યવિકાસ માં મદદ મળશે અને ઉદ્યોગોને લાંબાગાળે લાભ થશે

8. બજેટમાં સર્વિસ સેક્ટરને વિકસાવવા ઉપર ધ્યાન આપવામાં આવ્યું છે જે એક સારી બાબત છે. દેશની પ્રથમ સર્વિસ સેક્ટરની યુનિવર્સિટીનું નિર્માણ કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય ખુબ આવકારદાયક છે.

9. દહેજ ખાતે કેમિકલ પોર્ટના વિસ્તૃતીકરણ માટે રૂ. 1200 કરોડ ની જોગવાઈ થી રાજ્યના કેમિકેલ સેક્ટરને પ્રોત્સાહન મળશે. નાગરોલ અને ભાવનગર બંદરને વિકસાવવા રૂ. 4800 કરોડ ફાળવવામાં આવ્યા છે તથા નવલખી બંદર પર બીજી જેટી બનવવા માટે રૂ. 192 કરોડની ફાળવણી કરવામાં આવેલ છે તે આવકારદાયક છે. વધુમાં દહેજ, સાયખા, અંક્લેશ્વર, હાલોલ, સાણંદ, વાપી અને લોધીકાને મોડેલ એસ્ટેટ તરીકે વિકસાવવા ના નિર્ણયથી પણ કેમિકેલ ઉદ્યોગને ફાયદો થશે.

10. ભારત સરકારની યોજના હેઠળ ગુજરાતમાં બે મેગા ટેક્સટાઇલ પાર્ક સ્થાપવાનું આયોજન છે તેવી જાહેરાત બજેટમાં કરવામાં આવી છે. આ ટેક્સટાઇલ પાર્ક રાજ્યમાં સ્થાપવાથી ટેક્સટાઇલ ઉદ્યોગના વિકાસને વેગ મળશે. તેજ રીતે જંબુસરમાં બલ્ક ડ્રગ પાર્ક અને રાજકોટ ખાતે મેડિકલ ડિવાઇસીસ પાર્ક સ્થાપવાના  નિર્ણયથી ગુજરાતમાં ખુબ ઝડપથી વિકાસ પામતા બલ્ક ડ્રગ્સ અને મેડિકલ ડિવાઇસીસ ઉદ્યોગને વધુ વેગ મળશે.

11.બનાસકાંઠાના જલોત્રા, જામનગરના શેખપાટ, ગાંધીનગરના કડજોદ્રા, અમરેલીના પીપાવાવ અને રાજકોટના નાગલપર ખાતે તેમજ પાટણ, આણંદ, મહીસાગર અને મોરબી જિલ્લામાં નવી GIDC સ્થાપવામાં આવશે તેવી જાહેરાત સરાહનીય છે. આ નિર્ણયનું ઝડપી અમલીકરણ ખુબ મહત્વનું રહેશે.

12. ઇ-રિક્ષા માટે ની રૂ. 40,000ની  સબસિડી ઇલેક્ટ્રોનિક વાહનોના ઉપયોગને પ્રોત્સાહિત કરશે અને ગુજરાતમાં EV ઇકોસિસ્ટમને પ્રોત્સાહન આપશે જેનાથી વાહનોના પ્રદૂષણમાં ઘટાડો થશે

---

**તંત્રીશ્રી / ચીફ રિપોર્ટર / વાણિજ્ય તંત્રીશ્રી / બ્યુરો ચીફ/ ન્યૂઝ એડિટર**
**ઉપરોક્ત અખબાર નોંધ આપણા અખબારમાં સમાવી લેવા વિનંતી**

**યોગેન્દ્રકુમાર ત્રિવેદી**
**સેક્રેટરી જનરલ**